## અડાલજ પાસે સિરિયલ અકસ્માત પૂરપાટ દોડતી ૬ કાર અથડાઈ

ગાંધીનગર, તા. ૨૯

એસ.જી. હાઈવે પર અજાલજ પાસે આજે સવારે માર્ગ પર પૂરપાટ દોડતી ૬ જેટલી કાર સિરિયલમાં અથડાતા અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી. એસ.જી. હાઈવે પર રોજબરોજ પૂરપાટ દોડતી વૈભવી કાર્સનો ધમધમાટ જોવા મળે છે. પરંતુ ગતિ નિયંત્રણની વાત વિસરાતા સમયાંતરે સિરિયલ અકસ્માતના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. થોડા સમય અગાઉ પણ આવી જ એક ઘટના બની હતી. આજે સવારે પણ ૧૦ વાગ્યાના અરસામાં માર્ગ પર પૂરપાટ દોડતી કારે શોર્ટબ્રેક કરતા પાછળ સુસવાટા બંધ આવતી અન્ય ૫ કાર આગળ પાછળના ભાગે અથડાઈ હતી. સિરીયલ અકસ્માતના લીધે હાઈવે માર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાતા અટવાયેલા વાહનચાલકોએ હાડમારી વેઠવી પડી હતી. જો કે અથડાયેલી કારને નુકશાન સિવાય કોઈને ગંભીર ઈજાઓ થઈ ન હતી.

### કેશુભાઈને ખુલીને બહાર આવવા અપીલ કરાશે

# કેશુભાઈના બંગલામાં આજે જૂના જોગીઓની મીટિંગ થશે

### સુરેશ મહેતા, કાશીરામ રાણા સહિત આગેવાનો મળશે, જૂનમાં વિશાળ સંમેલન બોલાવવાનો તખ્તો તૈયાર કરાશે

ગાંધીનગર,તા. ૨૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના જ વરિષ્ઠ અગ્રણી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ વચ્ચ વૈમનસ્ય સર્જાયા બાદ બંને અગ્રણીઓ વચ્ચેનું અંતર વધતુ જાય છે, કેશુભાઈએ મોદી સરકારની નીતિ-રીતિની ટીકાઓ કર્યા બાદ મોદી વિરોધીઓ હવે એક મંચ પર એકત્ર થઈ રહ્યા છે. આવતીકાલે ગાંધીનગરમાં કેશુભાઈ પટેલના નિવાસસ્થાને મજપાના અધ્યક્ષ ગોરધન ઝડફિયા, પૂર્વમુખ્યમંત્રી સુરેશ મહેતા, પૂર્વ સાંસદ કાશીરામ રાણા, પૂર્વ મંત્રી નલીન ભટ્ટ સહિતના આગેવાનો તથા સંઘના જ કેટલાક અગ્રણીઓની બેઠક મળી રહી છે. આ બેઠકમાં ભાવિ રણનીતિ તથા જૂન મહિનામાં જ વિશાળ સંમેલન યોજવાનો તખ્તો ઘડી કાઢવામાં આવશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ કેશુભાઈ પટેલે રાજકીય ક્ષેત્રે કેટલાક વર્ષનો વનવાસ ભોગવ્યા બાદ ફરીવાર સક્રિય બનતા ભાજપની જ છાવણીમાં ઉત્તેજના વ્યાપી ગઈ છે. કેશુભાઈએ તાજેતરમાં જ તમામ સમાજ સરકારથી ભયભીત છે, લડતે રહો, આજે હારેલો કાલે જીતી પણ શકે છે. આવા વિધાનો કરીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે પરોક્ષરીતે પ્રહારો કર્યા હતા. કેશુભાઈ પટેલ સંઘના વરિષ્ઠ પ્રચારક સંજય જોશીના ખાસ ગણાય છે. સંજય જોશી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ઘણા સમયથી અબોલા છે. સંયજ જોશીને ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીનો કાર્યભાર સોંપાતા નરેન્દ્ર મોદીએ નારાજગી વ્યક્ત કરીને ચૂંટણી પ્રચારથી અળગા રહ્યા હતા. મુંબઈ ખાતે મળેલી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં પણ નરેન્દ્ર મોદીને લીધે જ સંજય જોશીની રાજીનામું આપવાની ફરજ પડી હતી. ભાજપના જ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીને બીજી ટર્મમાં અધ્યક્ષપદ ટકાવી રાખવા નરેન્દ્ર મોદીનો સાથ લેવાની ફરજ પડી હતી. ભાજપના વરિષ્ઠ ગણાતા અડવાણી અને લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ પણ રિસાયેલા છે. આમ ભાજપમાં ભાંજગડ ચાલી રહી છે ત્યારે જ કેશુબાપાએ તલવાર ઉગામતા આગામી સમયમાં રાજકીય ક્ષેત્રે કોઈ નવા-જૂનીના એંધાણ વર્તાય રહ્યા છે. ગાંધીનગરમાં કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં જ મૂળ ભાજપના જૂના જોગીઓ એક છત્ર નીચે આવતીકાલે જ એકત્ર થઈ રહ્યા છે જેમાં જૂનમાં તમામ સમાજ અને જ્ઞાતિઓનું સુરતમાં અથવા અમદાવાદમાં વિશાળ સંમેલન બોલાવવા સંદર્ભ ચર્ચા વિચારણા કરાશે તેમ સૂત્રોએ કહ્યુ છે.

# ગાંધીનગરમાં મિલકત વેરા સામે ૬૦ વસાહત મંડળો આંદોલન કરવા સક્રિય બનો છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરનો અપુરતો વિકાસ અને ધારાધોરણ મુજબ ૧૦ લાખ વસ્તી ન હોવા છતાં મહાનગર પાલિકાની રચના કરવામાં આવેલ છે. જે યોગ્ય નથી. ગાંધીનગર શહેરના વસાહતીઓ સરકાર વિરૂધ્ધ હાઈકોર્ટમાં જઈ સરકાર પાસે બળ બળજબરીપૂર્વક મહાનગર પાલિકાની રચના કરાવીને શહેરી નાગરિકો ઉપર હજારોનો આર્થિક બોજો ઝીંકાયેલ છે. પરિણામે નાગરિકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે. જેની ચીનગારી ગમે ત્યારે ઉગ્ર સ્વરૂપે પ્રગટ લે તેવાં એંધાણ જણાય છે.

મહાનગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ઢંઢેરામાં નાગરિકો પર મિલકત વેરો નહીં લેવાય તેવા પ્રલોભનો આપ્યા હતા. તેમ છતાં સત્તા મળતાં ગાંધીનગર શહેર અને સમાવિષ્ઠ ગ્રામ વિસ્તારોમાં તેમની પ્રથમ કાર્યવાહી ભાગરૂપે મિલકત વેરો વસુલવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. ગાંધીનગરના વસાહતીઓ પર રૂા. ૧૦૦૦ થી ૫૦૦૦નો વાર્ષિક ટેક્ષ આકારણી થયેલ છે. જેનો નાગરિકો સખ્ત વિરોધ કરે છે.

ગાંધીનગર શહેરમાં મોટાભાગે સરકારી ઈમારતો, સરકારી રહેણાંક મકાનો, કચેરીઓ આવેલ છે. જે સરકારી ઈમારતો હોવાથી ટેક્ષ લાગુ પડશે નહિ. ફક્ત ગણ્યાં ગાંઠ્યા ખાનગી વસાહતો, ખાનગી કોમર્શીયલ બિલ્ડીંગો પર ટેક્ષ લાગુ પડશે. આથી ગાંધીનગરનો સંપૂર્ણ વિકાસ થાય અને ધારાધોરણ મુજબની વસ્તી થાય ત્યારે આવો ટેક્ષ વસુલવાની કામગીરી કરવાની લાગણી છે. જૂનાગઢ, ચંદીગઢને પાંચ વર્ષ માટે ટેક્ષ હોલી ડે આપવામાં આવ્યો હતો. તે જ પેર્ટન પ્રમાણે ગાંધીનગરને પાંચ વર્ષ માટે ટેક્ષ હોલી ડે આપવાની માંગણી છે.

હાલમાં ગાંધીનગર મહાનગર પાલિકા પાસે સફાઈ, જન્મ-મરણ નોંધણી સિવાયની અગત્યની કામગીરી નથી. આ કામગીરી માટે વેપારીઓના દંડ વેટ અને નોંધણીની રકમો નગરપાલિકાને આવક મળે છે. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. હાલ મહાનગર પાલિકા સંપૂર્ણ પગભર થાય નહિ ત્યાં સુધી ચૂંટાયેલા નગરસેવકોએ કરકસર પૂર્વક વહીવટ કરવો જોઈએ. મહાનગર પાલિકામાં નાણાં મેળવવા માટે અન્ય નાણાંકીય માર્ગ વિચારવા જોઈએ.

ગાંધીનગરમાં સમાવેશ ગામોના લોકોને વેરામાં સંપૂર્ણ મુક્તિ આપવી જોઈએ. આ લોકો આ આર્થિક બોજ સહન કરી શકવા સક્ષમ નથી.

જો આ બાબતે કોઈ ગંભીર વિચારણા હાથ નહિ ધરાય તો ૬૦ જેટલા વસાહત મંડળો, પ્રતિક ઉપવાસ ધરણાંનો કાર્યક્રમ યોજશે. જેના માટે ટૂંક સમયમાં જનરલ સભા બોલાવીને સંયુક્ત કાર્યક્રમ તૈયાર કરવામાં આવનાર છે.

કેશરીસિંહ બિહોલા પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ, જીલુજી એફ. વાઘેલા પ્રમુખ, અસરગ્રસ્ત ખેડૂત મંડળ, રજૂજી ગોલ પ્રમુખ, ગાંધીનગર રાજધાની સેવા વસાહતમંડળ, ચતુરજી ઠાકોર પ્રમુખ ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિએ ઉપરોક્ત નિવેદનમાં જણાવેલ છે.

## નવ નગરપાલિકા વિસ્તારમાં ૧૭ જુને પેટાચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજયના ધોળકા, ધ્રોળ, ઉપલેટા, જસદણ, ગોંડલ, ચોરવાડ, કોડીનાર, દેવગઢબારીયા અને કરમસદ મળીને કુલ ૯ નગરપાલિકાઓના વિવિધ વોર્ડોની પેટાચૂંટણી તા. ૧૭મી જૂન, ૨૦૧૨ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચારસંહિતા તા. ૨૧-૫-૨૦૧૨થી પેટા ચૂંટણી હેઠળના વોર્ડના વિસ્તારોમાં અમલમાં આવી છે. આદર્શ આચારસંહિતાની વિગતો જે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સબંધિત વિસ્તારોમાં રાજકીય પક્ષો, અને કચેરીઓમાં મોકલી આપેલ છે તથા ચૂંટણી આયોગની વેબસાઈટ રૂરૂરૂ.સ્ફૂણૂ.ચિંર્શ્રીંદ.રિંઃ.ઈંફ.પર પણ મૂકેલ છે.

શાશકપક્ષ અને રાજકીય પક્ષો, ઉમેદવારો, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, તથા વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની ચૂંટણી આદર્શ આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ થાય તે માટે પણ રાજ્ય ચૂંટણી આયોગે જણાવેલ છે. જે નગરપાલિકા વિસ્તારમાં પેટાચૂંટણી યોજાનાર છે તેમાં ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૨ જી જૂન, ૨૦૧૨ અને પરત ખેંચવાની તારીખ ૫મી જૂન નિયત કરાઈ છે. ૧૭મી જૂન, ૨૦૧૨, રવિવારે સવારના ૮-૦૦થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન મતદાનની પ્રક્રિયા યોજાશે. જ્યારે મતગણતરી તા. ૧૯મી જૂન, ૨૦૧૨ના રોજ થશે.

## CPSનો અમદાવાદમાં પ્રથમ ટેકનોલોજી સ્ટોર

અમદાવાદ,તા. ૨૯

સીપીએસ દ્વારા આજે ભારતનો પ્રથમ ટેકનોલોજી બ્રાન્ડ સ્ટોર સીપીએસ કનેક્ટ રજૂ કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી હતી. અમદાવાદના એસજી હાઈવે પર ઈસ્કોન સર્કલ ખાતે સ્થિત સીપીએસ કનેક્ટ દુનિયાની દસ અગ્રણી ટેકનોલોજી બ્રાન્ડસને એક છત હેટળ લાવશે. ભારતીય રિટેઈલમાં આ અજોડ નવી સંકલ્પના છે. ગ્રાહકો એસર, એપ્પલ, એસસ, ડેલ, કેનન, એચપી, લેનોવો, નિકોન, સેમસંગ અને સોની સહિત વ્યાપક શ્રેણીની પ્રોડક્ટો એક હેઠળ પસંદગી અને ખરીદી કરી શકાશે. સીપીએસ કનેક્ટના સીઈઓ આશિષ દેસાઈએ જણાવાયું હતું કે અમે ગ્રાહકોના વ્યાપક શ્રેણીની પ્રોડક્ટો અને સેવાઓ સહિત શ્રેષ્ઠતમ રિટેઈલ અનુભવ આપવા માંગીએ છે.

# બહેરામપુરમાં કોલેરાના ચાર અને ઝાડા-ઉલ્ટીના વધુ ૩૩ કેસ

### પ્રદુષીત પાણીના કારણે બીમારી : વહીવટીતંત્રને વારંવાર રજૂઆત છતાં બિનઅસરકારક કામગીરીથી રોગચાળો

અમદાવાદ, તા. ૨૯

શહેરના બહેરામપુરા વિસ્તારમાં આજે પ્રદુષીત પાણીને કારણે કોલેરાના ચાર કેસ અને ઝાડાઉલ્ટીના ૩૩ કેસ નોંધાતા મ્યુનિસિપલ આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું હતું.

મ્યુનિ. વિપક્ષ નેતા બદરુદીન શેખે આજે જણાવ્યું હતું કે બહેરામપુરાના ચાર રહીસોને કોલેરા થતાં ચેપીરોગની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમાં મોહસીન મહંમદઅક્રમ સલીમ શેખ ઉવ ૧૭ વર્ષ, ભોળાભાઈ સુરેશભાઈ રામજીભાઈ ઉ.વ. ૧૮ વર્ષ, મહંમદ અતીક ઈકબાલભાઈ ઉ.વ. ૧૧ માસ અને સના પરવીન અજગરઅલી સૈયદ ઉ.વ. ૩ વર્ષનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે બહેરામપુરા વોર્ડમાં પીવાના પાણીમાં પોલ્યુશન આવવા બાબતે વહીવટી તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં હજુ પણ પીવાના પાણીમાં પોલ્યુશન વાળુ પાણી આવે છે માટે લોકો પોલ્યુશનવાળું પાણી પીવાને કારણે વિવિધ રોગોના શિકાર બને છે. મેઈન લાઈનોમાંથી શિલ્ટ નિયમિત કાઢવામાં આવતું નથી. તેમજ ડ્રેનેજની કેચપીટોની સફાઈ પણ થતી નથી. આવી ફરિયાદોનો નિકાલ કરવા માટે વહીવટીતંત્ર નિષ્ફળ જાય છે. ડ્રેનેજ લાઈનમાં પાણી ભરાઈ રહેવાને કારણે પીવાના પાણીની લાઈનમાં ક્યાંકને ક્યાંક લીકેજ હોવાના કારણે પોલ્યુશનયુક્ત પાણી પીવાના પાણી સાથે ભળી જાય છે. જેને કારમે ત્યાંના નગરજનો વારંવાર કમળો, કોલેરા, ઝાડા-ઉલ્ટી, જેવા પાણીજન્ય રોગોના શિકાર બને છે.

આજે બહેરામપુરામાં રોગચાળો ફાટી નીકળવાને કારણે ઝાડા-ઉલ્ટી, કોલેરા તથા કમળાના અનેક કેસો હોવાનું જાણવા મળ્યું છે. ચેપીરોગ હોસ્પિટલમાં બહેરામપુરાના ૩૩ વ્યક્તિઓને ઝાડા-ઉલ્ટી અને ૪ વ્યક્તિઓને કોલેરા તથા ૩ વ્યક્તિઓને કમળો થવાને કારણે સારવાર લીધી છે. તેમજ બીજા ઘણા લોકોએ ખાનગી દવાખાનામાં પણ સારવાર લીધી છે. વહીવટીતંત્ર તેમજ શાસકપક્ષની બેદરકારીને કારણે નગરજનો ખૂબજ હાડમારીમાં મુકાઈ જવા પામ્યા છે. કાલુપુરના કોર્પોરેટર સુરેન્દ્ર બક્ષીએ જણાવ્યું હતું કે ઘીકાંટા રોડ શાંતિનાથ પાડાની પોળ, ગોલવાડ તથા અન્ય વિસ્તારોમાં પીવાનું ડહોળું રંગીન દુર્ગંધ મારતું પાણી આવે છે. આ પાણીમાંથી અળસીયા પણ નીકળે છે. તંત્રને ફરીયાદ કરવા છતાં કોઈ પગલાં લેવામાં આવતાં નથી.

## શબ્દાવલી - ૪૭૪૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ■ | ૭ | | | ■ |
| ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ |
| ■ | ૧૨ | ૧૩ | | | ■ | ૧૪ | |
| ૧૫ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | ૨૩ | ■ |
| ■ | ૨૪ | | ■ | ૨૫ | | | ■ |

**આડી ચાવી**

૧. નિયમ (હિન્દી શબ્દ) (૩)
૩. વેલવેટનું કાપડ (૪)
૬. 'પણ' શબ્દ ઊંધો (૨)
૭. સોગંધ, કસમ (૩)
૮. પાન, પાંદડુ (૨)
૯. દુઃખ, ગમગીની (૨)
૧૦. રાજા, ફરિયાદ (૨)
૧૨. આખો દિવસ ખાધા કરે તેવું (૪)
૧૪. નામાનો ચોપડો (૨)
૧૬. મોકો, લાગ (૨)
૧૭. અસલ (વતની) સ્વદેશનું (૩)
૧૮. છાપરા (૩)
૨૦. પરૂ, રસી (૨)
૨૧. થોડુક, પણ (૩)
૨૨. શિખ ધર્મના સ્થાપક ગુરુ.... (૩)
૨૪. પરંતુ (૨)
૨૫. ખેતીનું એક સાધન (૩)

**ઊભી ચાવી**

૧. ખોટ, ખામી, કમી (૩)
૨. રાવણની બહેન (૪)
૩. મશ્કરી કરે તેવું (૪)
૪. જરૂર, ગરજ (૨)
૫. માથાનો ભાગ, આબરૂ (૫)
૯. શોધ કરનાર (૩)
૧૧. વહીવટને લગતું (૪)
૧૩. મકર સંક્રાતિ (૫)
૧૫. આવક, ઉપજવું (૩)
૧૭. રાષ્ટ્રીય (૪)
૧૯. એકદમ મારેલી ઝૂંટ (૩)
૨૦. આશ્રય, આશરો (૩)
૨૩. હાથ, વેરો (૨)

### શબ્દાવલી ૪૭૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરવશ (૨) વસુધા (૬) શીકર (૮) કમંડળ (૧૦) રદ (૧૧) સાપ (૧૨) રટણ (૧૪) સાચવણ (૧૬) કચુકા (૧૭) મારીચ (૧૯) કસદાર (૨૨) ઢગલો (૨૩) મત

**ઊભી ચાવી :-** (૧) પરોપકાર (૨) વશીકરણ (૩) શકમંદ (૫) સુખ (૭) રડ (૯) લીપણ (૧૧) સાવ (૧૩) ટપોરી (૧૪) સાચુકલો (૧૫) ચકાસ (૧૭) માર્કો (૧૮) ચઢ (૨૦) દામ (૨૧) રત

# સ્વનિર્ભર ઈજનેરી અને ફાર્મસી કૉલેજોમાં ફી માફી યોજનાનો લાભ લેવા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અપીલ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૯

આર્થિક રીતે પછાત છતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ઈજનેરી અને ફાર્મસીનો અભ્યાસ કરવા ઈચ્છતા હોય તો તેમના માટે ગુજરાતમાં મફત ભણવાની સુવિધા ઉપલબ્ધ છે. જો કે આ માટે વર્ષે સાડા ચાર લાખ રૂપિયાથી ઓછી આછક ધરાવનાર માબાપનાં પ્રવેશવાંચ્છુક સંતાનોએ આવકના દાખલા સાથે અરજીપત્રકમાં ટ્યુશન ફી વેવર (ફી માફી યોજના) ના વિકલ્પમાં ટિક કરવાનું રહે છે.

ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય અને એઆઈસીટીઈએ ઘડેલા નિયમો મુજબ દરેક એન્જિનિયરિંગ અને ફાર્મસી કૉલેજને મંજૂર થયેલી બેઠેકો ઉપરાંત પાંચ ટકા જેટલી બેઠકો આ ટ્યુશન ફી વેવર યોજના હેઠળ ભરવાની છૂટ મળે છે. એનો લાભ કોઈ પણ જ્ઞાતિ અથવા ધર્મના આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓએ લેવો જોઈએ એવું ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે ઉમેર્યું હતું કે ગુજરાત સરકારે છેલ્લાં છેલ્લાં ત્રણ વર્ષથી શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાના પ્રયત્નોથી સ્વનિર્ભર સંસ્થાઓમાં આવી બેઠકો માટે પ્રવેશસમિતિની ભલામણ મુજબ પ્રવેશ આપવામાં આવે છે. રાજયમાં કુલ મંજૂર થયેલી ઈજનેરી પ્રવેસ બેઠકોની સંખ્યા ૪૪, ૦૦૦ છે અને ફાર્મસીની બેઠકો ૫૮૦૦ છે. આ બેઠકોમાં ૫% લેખે એટલે કે ઈજનેરીમાં વધુ ૨૨૦૦ અને ફાર્મસીમાં વધુ ૨૯૦ જેટલા આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને ફી માફી યોજના હેઠળ મફત ભણવાનો લાભ મળી શકે એમ છે. જો કે વિદ્યાર્થીઓ અને તેમના માબાપમાં આ અંગે જાગૃતિ કેળવાય એ જરૂરી હોવાનું સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું.

ચરોતર વિસ્તારમાં ઘણી બધી સ્વનિર્ભર ઈજનેરી અને ફાર્મસી કૉલેજો આવેલી છે. આ વિસ્તારમાં જે વિદ્યાર્થીઓ સ્વનિર્ભર સંસ્થાઓની નિયત ફી ભરી શકે તેમ ન હોય તેઓએ આ યોજનાનો લાભ લેવાનું કૉલેજમાં ફૉર્મ ભરતી વખતે ફોર્મમાં જયાં ફી માફી યોજનામાં રસ છે કે નહીં **(Whether interested in Tution Fee Weaver Scheme or not)** એવા વિકલ્પમાં રસ હોવાના વિકલ્પ **(Yes)** પર ટીક કરી ફી વેવર યોજનાનો લાભ લેવા પ્રયત્ન કરવો તેમ જ જયારે સબ્જેક્ટ ઓપ્ટ કરવાનો થાય ત્યારે ચરોતરના આ પ્રવેશવાંચ્છુકો ચરોતરમાં આવેલી સંસ્થાઓનો લાભ લે જેથી તેમણે વધારાનો હોસ્ટેલ વગેરેનો ખર્ચ ભોગવવો ન પડે. વિદ્યાર્થીઓ ખાસ કરીને ન્યૂ વલ્લભ વિદ્યાનગરની મહિલા ઈજનેરી કૉલેજ એમબીઆઈસીટીનો લાભ લે, એવું પણ સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલે ઉમેર્યું હતું.

## સમાચાર ઝલક

- સાંસદની ચૂંટણી જાહેર થશે કે તરત રામલીલાના મેદાનથી ભ્રષ્ટાચારની લડત થશે : અન્ના હજારે.
- હવે રાંધણગેસ પણ રેશનીંગ ઢબે મળશે.
- ૬ઠ્ઠી જૂને સૂર્ય પર શુક્રનો અધિક્રમણનો અવકાશી નજારો નરી આંખે જોવો જોખમકારક, પૃથ્વી પર જીવિત વ્યક્તિઓ માટે આ આખરી નજારો બનશે.
- ભાજપને સમર્પિત છું અને રહીશ : સંજય જોશીએ મૌન તોડ્યું.
- માઓવાદી પાસે છ હજાર રોકેટ લોન્ચરોનો જથ્થો છે.
- ધોરણ-૧૦ સુધીનું શિક્ષણ મફત કરવાની તૈયારી.
- પાકિસ્તાની જેલોમાંથી ૧૮ માછીમારોનો છૂટકારો : માછીમારોનું વેરાવળમાં સ્વાગત.
- અર્જુન તેન્ડુલકરે પ્રથમ સદી ફટકારી, અંડર-૧૪ સમર વેકેશન ટુર્નામેન્ટમાં.
- ધાનેરાની રેલ નદીમાં નર્મદાનાં પાણી વહેશે : શ્રી લીલાધરભાઇ વાઘેલા.
- ચિત્રાસણી નજીક રેલ્વે ગોડાઉનના વિરોધમાં ખેડૂતો લાલઘૂમ : ખેડૂતો આમરણાંત ઉપવાસ કરશે.
- છેલ્લા પાંચ દિવસમાં ભૂમિથી હવામાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી બે આકાશ મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું.
- આસામની મહિલા ધારાસભ્ય વિવાહીત હોવા છતાં પ્રેમી સાથે ફરાર.
- ગોંડલ રોડ પર પટેલ ટ્રાવેલ્સની વોલ્વો બસ સળગી : મુસાફરો ઉગારી લેવાયા.
- બાબા રામદેવજીનાં એલાનના અનુસંધાને ૩ જૂનના રોજ ઉપવાસ આંદોલન થશે.
- સૈફ-કરીનાની લગ્ન તારીખ નક્કી, ૧૬ ઓક્ટોબરનાં રોજ લગ્નગ્રંથીએ જોડાશે.
- દરેક પરિવારનું એક બેન્ક ખાતું સુનિશ્ચિત કરવાની કેન્દ્રની સૂચના.
- જનતા પાસેથી વેરો ઉઘરાવી સરકાર ઓઇલ કંપનીઓને નફો કરાવે છે, વર્ષ ૧૧-૧૨ માં ઓઇલ કંપનીઓએ કરોડો રૂપિયાનો નફો કરેલ છે.
- ગુજરાત સરકાર નવી ટેક્ષટાઇલ નીતિ લાવી રહી છે.

## પેથાપુરના નવ યુવાનો પીર મહેમુદશા બુખારીની મેદનીમાં સેવાર્થે ગયા

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામના નવ યુવાનો તાજેતરમાં ભડીયાદ પીર મહેમુદશા બુખારીની મેદનીમાં લોક સેવાર્થે ભાગ લેવા ગયા છે. જેઓ રસ્તામાં મેદનીને પાણી તેમજ અન્ય સેવાનો લાભ આપશે. ભડીયાદ પીર મહેમુદશા બુખારીની મનેદનીમાં જોડાવા માટે પેથાપુરથી ચાર ટ્રક ભરીને ૧૫૦ યુવાનો ગયા છે. મેદનીમાં ચાલતા સેવા કેન્દ્રો ઉપર પેથાપુરના નવ યુવાનો રોકાઈને પાણીની તેમજ અન્ય સેવાઓ આપશે.

## આયોજન પંચ સાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબતો અંગેનો ચિતાર આપીને આગામી વર્ષ દરમ્યાન કયા કયા ક્ષેત્રોમાં રાજ્ય સરકાર શું શું નવું કરવા માંગે છે અને તેની પાછળ રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવનાર છે એ અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના વિકાસ અને રાજ્યની આર્થિક સદ્ધરતાને ધ્યાને રાખીને કેન્દ્રના આયોજન પંચ દ્વારા દર વર્ષે ગુજરાતની વાર્ષિક યોજનામાં અંદાજે દોઢ થી બે હજાર કરોડના વધારા ખર્ચની મંજુરી આપવામાં આવે છે જેને પગલે આ વખતે પણ ૧લી જૂને મળનારી બેઠકમાં આયોજન પંચ દ્વારા ગુજરાતની વાર્ષીક યોજનામાં વધુ એક હજાર કરોડના ખર્ચની મંજુરી આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## સ્વર્ણિમ પાર્કની હરિયાળી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. પરંતુ સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવાનું સ્વપ્ન રોળાતુ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યું છે. એકબાજુ નગરના ઉદ્યાનોને ગટરનું દુષિતપાણી શુદ્ધ કરી પહોંચતું કરવા સરગાસણ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટનું કામ ટુંકમાં શરૂ થનાર છે. પરંતુ આ કામગીરી પૂર્ણ થતા હજુ એક વર્ષનો સમય લાગે તેમ છે. બીજીતરફ સ્વર્ણિમ પાર્કની લીલોતરી જાળવવા સતત બીજા વર્ષે પણ ઉનાળો વધુ આકરો સાબિત થયો છે. પાર્કને પર્યાપ્ત પાણી ન મળતા હરિયાળી લોન સુકીભઠ્ઠ બનવા તરફ છે જ્યારે બાગાયત તંત્ર દ્વારા અગાઉ રોપાયેલા આકર્ષક રોપાઓ પણ પાણીની જરૂરીયાત ન સંતોષતા મુર્ઝાઈ ગયા છે. વધુમાં હરિયાળી લોન અને રોપાઓના વાવેતર બાદ ફરતે ફેન્સીંગનું કામ હાથ ન ધરાતા હાલની સ્થિતિએ સ્વર્ણિમ પાર્કમાં રખડતા ઢોર ચરતા હોવાના દશ્યો પણ નજરે પડે છે. આગામી આયોજન જે હોય તે પરંતુ પાર્કની હરિયાળીને બરકરાર રાખવા પાણીની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી લોકલાગણી પ્રબળ બની છે.

## પોરાનાશક કામગીરી માટે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા પણ અધિકારીઓને તાકીદ કરી હતી. શહેરમાં સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલ બાંધકામ પ્રવૃત્તિને લઈ નોંધાયેલ મેલેરીયાના કેસોના પગલે સંબંધિત સત્તાવાળાઓને કારણદર્શક નોટીસ આપવા પણ જણાવાયું છે. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ અંગેની નોટીસ બજવી દેવામાં આવી છે. જેની નકલ આર.એમ.ઓ. અને સિવિલ સર્જનને પણ પાઠવવામાં આવી હોવાનું જણાવાયું છે. શહેરી વિસ્તારમાં ગત વર્ષોની સાપેક્ષમાં મેલેરીયાના કેસો વધતા હોવાનુ ધ્યાને આવતા આરોગ્યતંત્રમાં પણ આ મામલે ચિંતા પેઠી છે. જ્યારે ચોમાસુ નજીકમાં છે તેવા સંજોગોમાં મેલેરીયાના રોગચાળાનો મિજાજ પારખી તંત્રએ પોરાનાશક કામગીરીને અસરકારક બનાવવાની દિશામાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે.